# અમરેલી જિલ્લાના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ

**વાવણી કરીને બેઠેલા ખેડૂતોમાં ખુશી : છેલ્લા ૧૦ દિવસથી વરસાદ ન પડતાં ખેડૂતો ચિંતામાં હતા, કપાસ, મગફળી સહિતના પાકોને લાભ થશે**

અમરેલી, તા.૯

રાજ્યના અમરેલી જીલ્લામાં આજ બપોર બાદ મેઘરાજાનું ધમાકેદાર આગમન થયું હતું. આમ તો સવારથી જ આકાશમાં વાદળો ઘેરાવાની શરૂઆત થઈ હતી અને બપોર બાદ અચાનક જ વરસાદ ખાબકયો હતો. શરૂઆતમાં ખાંભા શહેર તેમજ આસપાસના બોરાળા, દોઢીયાળી સહિતના આસપાસના ગામડાઓમાં વરસાદ પડ્યો હતો ત્યારબાદ સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદના ગામડાઓમાં વરસાદ પડ્યો હતો. બાદમાં લાઠી, લીલીયામાં પણ સારો વરસાદ પડ્યો હતો. લાઠી શહેર તેમજ બાજુના અમરેલી હાઈવે પરના ગામોમાં ટોડામાં પણ ધોધમાર વરસાદ પડ્યો હતો. વરસાદને પગલે ખેડૂતોમાં પણ ખુશીનો



માહોલ છવાયો હતો.

આજે જીલ્લામાં સાર્વત્રિક વરસાદ પડ્યો હતો. છેલ્લાં ૧૦ દિવસથી પણ વધુ સમયથી વરસાદ પડ્યો નહોતો જેથી ખેડૂતોમાં પણ ચિંતા છવાઈ હતી. જોકે આજે ખાંભા, રાજુલા, જાફરાબાદ, લાઠી, સાવરકુંડલા, લીલીયા પંથકમાં વરસાદ પડ્યો હતો જેથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો હતો. છેલ્લાં ઘણા દિવસોથી વરસાદની રાહ જોતા ખેડૂતો માટે આજે સારા સમાચાર આવ્યા હતા. વરસાદની રાહ જોતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ હતી. ખેડૂતોએ છેલ્લા ઘણા દિવસોથી વાવણી કરી નાખી છે જોકે વાવણી બાદ સારો વરસાદ ના પડતા ખેડૂતો ચિંતામાં મુકાયા હતા. ખેડૂતોએ કપાસ, મગફળી સહિતના પાકોનું મોટા પ્રમાણમાં વાવેતર કર્યું હતું ત્યારે, વરસાદ ખેંચાતા ખેડૂતો પરેશાન હતા ત્યારે આજે હળવાથી લઈને મધ્યમ વરસાદ પડતાં ખેડૂતોમાં આંશિક ફાયદો થશે તેવું ખેડૂતો માની રહ્યા છે. તો અમુક વિસ્તારોમાં વીજપુરવઠો કાર્યરત થયો નહોતો અને વાવણી થઈ ચૂકી હતી ત્યારે આ વરસાદ ખેડૂતો માટે થોડો ઘણો ફાયદો ગણી શકાય જો વધુ વરસાદ પડે તો ખેડૂતોને રાહત મળે તેવું ખેડૂતો માને છે.

લાઠીના એક ખેડૂતનું માનીએ તો વાવણી કરી નાખી હતી પરંતુ છેલ્લા ૧૫ દિવસથી વરસાદનું એકપણ ટીપુ પડ્યું નહોતું જેથી સમગ્ર પંથકના ખેડૂતો ચિંતામાં હતા ત્યારે આ વરસાદ પડતાં બહુ વધુ તો નહીં પરંતુ મહદ્અંશે ખેડૂતોને ફાયદો થવાની શક્યતાઓ છે.

# સારા સમાચાર : રાજ્યમાં આવતીકાલથી ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી

ગાંધીનગર,તા.૯

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી મંદ પડેલું ચોમાસું હવે આગામી ૧૧ જુલાઈથી શરૂ થઈ શકે છે. હવામાન વિભાગે આગામી ૧૧થી ૧૩ જુલાઈ સુધીમાં દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭ તાલુકાઓમાં વરસાદ ખાબક્યો છે. જેમાં અમદાવાદ જિલ્લાના ધંધુકામાં ૧૯ મી.મી અને ડાંગના વઘઈમાં ૧૦ મી.મી વરસાદ નોંધાયો છે. જ્યારે નવસારીના વાંસદામાં ૫ મી.મી, વલસાડના કપરાડામાં ૨ મી.મી, વેરાવળમાં એક, ગણદેવીમાં એક અને ડાંગના આહવામાં પણ એક મી.મી વરસાદ નોંધાયો છે.

દક્ષિણ અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં હવામાન વિભાગના મતે આગામી ૧૧ જુલાઈના અમદાવાદ, આણંદ, ખેડા, મહીસાગર, પંચમહાલ, દમણમાં હળવાથી મધ્યમ, ૧૨ જુલાઈના નર્મદા,ડાંગ,તાપી,સુરત, ભરૂચમાં ભારે, સૌરાષ્ટ્ર-કચ્છમાં હળવોથી મધ્યમ જ્યારે ૧૩ જુલાઈના આણંદ,વલસાડ,નવસારી, સુરત,ભરૂચ,દમણ અને ભાવનગરમાં અતિ ભારે,દાહોદ,પંચમહાલ,બોટાદ અને અમરેલીમાં ભારે વરસાદની સંભાવના છે.

રાજ્યમાં અમદાવાદ સહિતના વિસ્તારોમાં વરસાદે વિરામ લેતાં બફારાથી લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. ચોમાસાની સારી જમાવટ થયા બાદ અચાનક વરસાદે વિરામ લેતાં ગરમી અને બફારાનું પ્રમાણ વધી ગયું છે.વરસાદ ખેંચાતાં રાજ્યમાં ચોમાસાની આ સીઝન દરમિયાન અત્યારસુધી સરેરાશ ૪.૮૪ ઈંચ જેટલો જ વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં સાત તાલુકામાં જ વરસાદ નોંધાયો છે. બીજી તરફ બંગાળની ખાડીમાં નવી સિસ્ટમ ડેવલોપ થતાં ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. રવીવારથી રાજ્યના વાતાવરણમાં પલટો આવશે અને વરસાદની તિવ્રતામાં પણ વધારો થશે. વરસાદની આગાહીથી ખેડૂતો માટે પણ સારા સમાચાર છે.

# રાહતના સમાચાર : આજથી સમગ્ર રાજ્યભરમાં કોરોના વેક્સિનેશન કામગીરી શરુ થશે

ગાંધીનગર,તા.૯

રાજ્યમાં કોરોનાના કેસ ધીમે ધીમે ઘટી રહ્યા છે બીજી તરફ ૩ દિવસ રસીકરણ અભિયાન બંધ રહ્યા બાદ ફરીથી આવતીકાલે સમગ્ર રાજ્યમાં વેક્સિનેશન અભિયાન શરૂ થશે. સરકાર દ્વારા આ અંગે આજે માહિતી આપવામાં આવી છે.

નોંધનિય છે કે, ગુજરાતમાં કોરોના મહામારીની બીજી લહેરનો અંત આવી રહ્યો હોય તેમ સતત કોરોનાવાયરસના કેસ ઘટી રહ્યા છે અને રિકવરી રેટ પણ વધી રહ્યો છે. રાજ્યમાં હાલમાં થોડા દિવસથી કોરોનાથી એક પણ વ્યક્તિનું મોત થયુ નથી. તો બીજી તરફ ઘણા દિવસથી કોરોનાના કેસ પણ ૧૦૦ની અંદર આવી ગયા છે. રાજ્યના ઘણા જિલ્લામાં કોરોનાના કેસ ઝીરો છે.

નોંધનિય છે બુધવારે સરકારે જાહેરાત કરી હતી કે, સમગ્ર રાજ્યમાં બે દિવસ વેક્સિનેશનની કામગીરી બંધ રહેશે. રાજ્યના આરોગ્ય વિભાગે સત્તાવાર જાહેરાત કરી હતી કે, આગામી બે દિવસ એટલે કે તારીખ ૮ અને ૯ જુલાઈ રાજ્યમાં કોરોનાની રસી નહીં મળે. નોંધનિય છે કે, તારીખ ૭-૮-૯ જુલાઈ એમ ત્રણ દિવસ રાજ્યમાં વેક્સિનેશન અભિયાન બંધ રહ્યું. તો બીજી તરફ શા માટે બંધ રાખવામાં આવ્યું છે તે અંગે આરોગ્ય વિભાગે કોઈ કારણ જણાવ્યું નથી.

# મણિનગરના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજે શ્રી સદ્ગુરુ દિન પ્રસંગે ૭૧મી સ્વામીબાપા વાર્તા જયંતીની ઉજવણી કરી

મણિનગરમાં ભૂમંડળ સ્થિત તીર્થોત્તમ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિરે જેઠ વદ અમાસના પાવનકારી પ્રસંગે શ્રી મુક્તજીવન સ્વામી બાપાની ૭૧મી વાર્તા જયંતીની હર્ષોલ્લાસભેર ઉજવણી કરી હતી. સવારમાં ધૂન, કીર્તન-ધ્યાનથી શ્રી સદ્ગુરુ દિનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. હજારો સંતોએ અનેક વાતો કરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરી મહિમા, સર્વોપરી ઉપાસના, પતિવ્રતાની ભક્તિ, આજ્ઞા, નિશ્ચય વગેરે મુમુક્ષુઓને સમજાવવા સત્સંગમાં ગામેગામ અને દેશો દેશ ફરીને અજ્ઞાની જનોથી થતા અપમાન તિરસ્કાર, ગાળો સહન કરી, ઊંઘ-ઉજાગરો, ટાઢ-તડકો, ભૂખ-તરસ, રાત-દિવસ જોયા વગર કેવળ જીવોના કલ્યાણ માટે અનેક રીતે વાતો કરી મહાન ઉપકાર કર્યો છે.

# બનાસકાંઠા ભૂસ્તર વિભાગે ખનીજ ચોરી ઝડપી મેગા ઓપરેશન પાર પાડ્યું

**એક હીટાચી અને ત્રણ ડમ્પર સહિત ૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત : કાંકરેજ તાલુકાના કસલપુરની સીમમાં વહેલી પરોઢે ટીમની સફળ રેડ**

બનાસકાંઠા જિલ્લામાં બનાસ નદી અને સિપુ નદીમાંથી કરોડો રૂપિયાની રેતી ચોરીની ફરિયાદો અવારનવાર ઉઠતી હોય છે ત્યારે ભૂસ્તર વિભાગે ફરિયાદ મળ્યાના ગણતરીની કલાકોમાં કામગીરી હાથ ધરીને કાર્યવાહી કરે છે.જેમાં ગતરોજ ભૂસ્તર અધિકારીને મળેલી ફરિયાદના આધારે કાંકરેજના કસલપુરથી ખનીજ ચોરી ઝડપી પાડેલ છે.

બનાસ નદી અને સિપુ નદીમાં થતી ખનિજ ચોરી અટકાવવા જીલ્લા ભૂસ્તરશાસ્ત્રીની કચેરી દ્વારા અવારનવાર રેડ કરી આવા તત્વોને પકડી પાડી લાખો રૃપિયાના દંડની વસુલાત કરવામાં આવે છે.ત્યારે ગતરોજ ભૂસ્તરશાસ્ત્રી સુભાષ જોષીને ફરિયાદ મળેલ કે કસલપુરમાં ખનીજ ચોરી થઈ રહી છે જે ફરિયાદના આધારે વહેલી સવારે ચાર વાગ્યાના સુમારે ભૂસ્તર વિભાગની ટિમ ડમ્પરમાં બેસી કાંકરેજ તાલુકાના કસલપુર ખાતે બનાસ નદી પટને અડીને આવેલ



સર્વે નંબર ૨૯૯ ગૌચરની જમીન ઉપર મહેશ પ્રજાપતિ નામના ઈસમ દ્વારા કરવામાં આવી રહેલ રેતીનુ ખોદકામ પકડી પાડેલ અને તપાસ કરતા સ્થળ પરથી એક હીટાચી સહિત ત્રણ ડમ્પર પકડીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરતાં ખનિજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો. ભૂસ્તર વિભાગે અંદાજે રૂ. ૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે જયારે ખોદકામ કરવામાં આવેલ વિસ્તારની માપણી કરી દંડની વસુલાત માટે કડક કાર્યવાહી કરવામાં આવશે.

આમ બનાસકાંઠા ભૂસ્તર વિભાગ ની ટિમ ઓફિસ સમય બાદ મોડી રાત્રે અને વહેલી સવારે ઓપરેશન કરીને કરોડોની ખનીજ ચોરી ઝડપી પાડેલ.જેને લઈને હવે ખનીજ ચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

# ધોલિયા ગામે ગૌચર બચાવવા ગ્રામજનોના આંદોલનના સમર્થનમાં સીપીએમ

**ધોળી ડુંગરી પર અપાયેલ લીઝ ખાણખનીજ વિભાગનો ભ્રષ્ટાચારનો આક્ષેપ**

મોડાસા ધોલીયા ગામે ઐતિહાસિક ધોળીડુંગરી અને ગૌચર જમીન ઉપર મંજૂર કરાયેલી લીઝ સામે ગ્રામજનોમાં ભારે વિરોધ ઉઠયો છે ૫૦ થી વધુ પરિવારોએ લીઝ રદ કરવામાં



આવેની માંગ સાથે બે દિવસથી આંદોલન શરૂ કર્યું છે ધોલીયા ગામના લોકોનું ગૌચર બચાવો આંદોલન હવે રાજકીય રંગ પકડી રહ્યું છે આંદોલન પર બેઠેલા ગ્રામજનોના સમર્થનમાં સીપીએમ આવ્યું હતું અને તાત્કાલિક ધોરણે ખનન અટકાવવામાં આવેની માંગ કરી હતી તેમજ ખાણખનીજ વિભાગે ભારે ભ્રષ્ટાચાર આદરી લીઝને મંજૂરી આપવામાં આવી હોવાનો આક્ષેપ સીપીએમના અગ્રણી ડાહ્યાભાઈ જાદવે કર્યો હતો.

ધોલીયા ગામે ગૌચર અને ધોળી ડુંગરી પર લીઝ મંજુર થતા ભારે વિરોધ ઉઠ્યો છે અને ગામલોકોએ લીઝ રદ કરવા આંદોલનનો માર્ગ અપનાવ્યો છે અને ૫૦ થી વધુ પરિવારો ધોળી ડુંગરી અને ગૌચરમાં વિવિધ વિરોધ પ્રદર્શન કરતા બેનરો સાથે તંત્ર સામે આંદોલન શરૂ કરતા શુક્રવારે ગ્રામજનોના સમર્થનમાં સીપીએમના કાર્યકર્તાઓ પહોંચ્યા હતા અને આંદોલનમાં ગ્રામજનો સાથે ખભેખભા મીલાવી સહકાર આપવા અને ખનન અટકાવવાની હૈયાધારણા આપી હતી.

સીપીએમ અગ્રણી ડાહ્યાભાઈ જાદવના જણાવ્યા અનુસાર, ખાણખનીજ વિભાગે લીઝ આપવામાં ભારે ભ્રષ્ટાચાર આદર્યો હોવાનો આક્ષેપ કરી લીઝ ધારક પથ્થરોના ખોદકામથી ઐતિહાસિક ધોળીડુંગળી કે જેના નામથી આ ગામની ઓળખ છે. તેના અસ્તિત્વ સામે ખતરો તોળાઈ રહયો હોવાનું અને આ સ્થળે આવેલ મંદિરો અને આસપાસના ખેતરોને આ ખનન કામગીરીથી ભારે નુકશાન પહોંચી રહયું છે . આ ધોળીડુંગરી ગામ માટે મેશ્વો પુર સામે રક્ષક બની રહી હોવાનું જણાવતાં આ ડુંગરી ખોદી નખાશે તો ગામ સામે ભારે ખતરો ઉભો થશે એવો ભય વ્યક્ત કરી લીઝ રદ કરવા અને આ જમીન ગૌચરમાં તબદીલ કરવા છેવટ સુધીની લડતમાં ગ્રામજનોની પડખે ઉભા રહેવાનો લલકાર કર્યો હતો.

## ભીષણ આગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્યા છે. તો સ્થિતિ પર કાબૂ મેળવવા પોલીસબળને તૈનાત કરવામાં આવ્યું છે. દેવાશીષ વર્ધને કહ્યું કે, હજુ પણ બચાવ કામગીરી ચાલી રહી છે અને મૃત્યુઆંક વધવાની આશંકા છે. અન્ય એક અધિકારીએ જણાવ્યું કે દરેક ફ્લોર પર ૩૫ હજાર વર્ગફૂટનો વિસ્તાર છે પરંતુ બે જગ્યાએ જ સીઢીઓ છે. જેના કારણે આગ જ્યારે સીઢીઓ પર ફેલાઈ ત્યારે લોકો બહાર નીકળી શક્યાં નહીં અને ત્યાં જ બળીને રાખ થઈ ગયા. દરેક ફ્લોર પર નાના નાના રૂમ પણ છે. ધુમાડાના કારણે રાહત અને બચાવ કામગીરીમાં અડચળ પડી રહી છે.

## ઓક્સિજન પ્લાન્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારીઓએ પીએમ મોદીને જાણકારી આપી હતી કે, આ પ્લાન્ટ્સ ચલાવવા માટે દેશમાં ૮૦૦૦ લોકોને ટ્રેનિંગ આપવાનુ લક્ષ્યાંક છે. ઉલ્લેખનીય છે કે, આ બેઠકમાં પીએમ મોદીના પ્રિન્સિપલ સેક્રેટરી, કેબિનેટ સેક્રેટરી, સ્વાસ્થ્ય મંત્રાલયના સચિવ તથા બીજા અધિકારીઓ પણ હાજર હતા.

## સંવેદનનું સ્ટેટસ ● પાના ૪થાનું ચાલુ...

આપણે ત્યાં કહેવત છે કે 'રોતો જાય એ મૂવાના ખબર લાવે..' કામને ટાળતા માણસોના ચહેરા નિસ્તેજ લાગે છે. કામ કરનાર વ્યકિતની આભા જ અનેરી હોય છે... એ સતત આનંદમય રહી શકે છે. કર્મશીલ માણસો લાંબુ જીવે છે. તંદુરસ્ત જીવે છે..પોતાની ઉન્નતિ તો કરે જ છે પણ સમાજને પણ કશુંક આપી જાય છે. આળસ એ વ્યસ્તતાનો દુશ્મન છે..કામને કાલ ઉપર ધકેલવું કે કામની મુદત પાડવી એ મળેલા કામની અવહેલના કહેવાય. તમને ગમે તેટલું ઉત્તમ કામ મળે પણ તમારો અભિગમ યોગ્ય ના હોય તો કામ પણ બગડે અને તમે પણ નીરસતાનો શિકાર બની જાઓ...એ જ કામ જયારે કોઈ કર્મઠ વ્યકિત કરે અને નામના મેળવે ત્યારે આપણને થાય કે અરે ! આ કામ આટલું મહત્વનું હતું?!આપણા દરવાજે દસ્તક દેતું કોઈપણ કામ એક તક હોય છે. જીવનનો ઉપહાર હોય છે..માણસ હંમેશાં કોઈ મોકાની તલાશમાં ભટકતો હોય છે..એ જ ઠરીઠામ થઈ કોઈ કામમાં રમમાણ બની જાય તો નાની સરખી તક પણ એક મોટી સિધ્ધિ બની જતી હોય છે. બેઠાડુ માટે કોઈપણ કામ બોજા સમાન હોય છે એની સામે વર્કહોલિક માણસો માટે કામ સ્વયં જ એક ટોનિક હોય છે...જીવનનો સાચો અભિગમ કામની સાર્થકથાને સમજવામાં રહેલો છે.

## શરત વિના

● અનુસંધાન પહેલાનું ચાલુ

નવા કાયદા પાછા નહીં ખેંચાય.અમે કોઈ શરત મુકી નથી.જો કાયદા પાછા ખેંચવા પર ચર્ચા કરવાની હોય તો અમે વાતચીત કરવા માટે તૈયાર છે.

અમે તો આઠ મહિનાથી આર પારની લડાઈના મૂડમાં છે.આર પારની લડાઈનો જે અર્થ જેને કાઢવો હોય તે કાઢી શકે છે પણ અમે કહી રહ્યા છે કે અમે શાંતિથી બેઠા છે.સરકાર જો અમને અહીંથી પાછા મોકલવા માંગતી હોય તો દંડા અને ગોળીઓનો ઉપયોગ કરી શકે છે.

ટિકૈતે આગળ કહ્યુ હતુ કે, સરકાર કોઈ પાર્ટીની હોત તો વાત કરત પણ આ સરકાર કંપનીઓ ચલાવી રહી છે અને લોકોને લૂંટવાનો પ્લાન કરી રહી છે.દેશની જનતાએ રસ્તા પર આવીને લૂંટારુઓને ભગાડવા પડશે. ટિકૈતે યુપીમાં પણ ઓગસ્ટ મહિનાથી દરેક જિલ્લામાં આંદોલનની શરુઆત કરવાની જાહેરાત કરી છે.જેમાં શેરડી પકવતા ખેડૂતો, મોંઘી વીજળી સહિતના મુદ્દા ઉઠાવવામાં આવસે.૧૧ જુલાઈએ ખેડૂતોની મોટી બેઠક યોજાશે અને તેમાં આગામી આંદોલનની વ્યૂહરચના ઘડવામાં આવશે.

**પાલનપુર એરોમા સર્કલ પાસેથી**

# એસઓજી પોલીસે બાંગ્લાદેશી ઘુસણખોર યુવતીને ઝડપી લીધી

**એજન્ટોના મારફત કોલકત્તા, હૈદરાબાદ, બનારસ, અમદાવાદ, ડીસા અને દિયોદરમાં કોલગર્લનું કામ કરતી હોવાની કબુલાત : અમદાવાદથી પાલનપુર વાયા દિયોદર જવાની હતી**

પાલનપુર

બનાસકાંઠા એસઓજી પોલીસે ગુરૂવારે પાલનપુરમાંથી બાંગ્લાદેશી યુવતીને ઝડપી લઈ તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા ગેરકાયદેસર રીતે ઘુશણખોરી કરી ભારતમાં રહેતા મળી આવે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી હતી.જેના પગલે બનાસકાંઠા એસઓજી પોલીસ મથકના પીએસઆઈ ડી.આર.ગઢવી, પીએસઆઈ એમ.કે. ઝાલા સ્ટાફના દલપતસિંહ, નરભેરામ, પરસોત્તમ અને વિપલબેન પેટ્રોલિંગમાં હતા.તે સમયે ડી.આર.ગઢવીને બાતમી મળી હતી.કે એક બાંગ્લાદેશી યુવતી વગર પાસપોર્ટ અને કોઈ પણ પ્રકારના વીઝા અને આધાર પુરાવા વગર અમદાવાદ તરફથી પાલનપુર આવી દિયોદર તરફ જનાર છે. તે હકીકત આધારે એસઓજી ટીમ સાથે પાલનપુર એરોમા સર્કલ ઉપર વોચ ગોઠવી હતી.તે દરમ્યાન હોટલ લાજવંતીની બાજુમાં હાઈવે રોડ ઉપર એક યુવતી ઉભેલ હતી.જે શંકાસ્પદ લાગતા યુવતીને એસ.ઓ.જી.કચેરી ખાતે લાવી જીંટ તથા સિસ્ટર એજન્સી દ્વારા સઘન પુછપરછ કરી તેની પાસેના આધાર પુરાવા ચેક કરતા તે બાંગ્લાદેશમાંથી આવી હોવાનું બહાર આવ્યુ હતુ.

## મુલાકાત લીધી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલોલ ખાતે સંબંધિત અધિકારીની યોજોયલ બેઠકમાં કોલેરાને નાથવા માટે કરવામાં આવેલી કામગીરીની વિગતો સંબંધિત અધિકારીઓ પાસેથી મેળવી હતી.

અત્યાર હાલમાં કલોલ રેલ્વે પૂર્વ વિસ્તારના કોલેરા ગ્રસ્ત વિસ્તારમાં રહેતા ૪૫ હજાર જેટલા નાગરિકોને ટેન્કરથી પીવાનું પાણી આપવામાં આવે છે. પીવાનું પાણી તમામ નાગરિકોને ટેન્કર દ્વારા સુચારૂ રીતે મળી રહે તે માટે નગરપાલિકા અને પાણી પુરવઠામાંથી વધારાના ટેન્કરની વ્યવસ્થાન પણ કલેકટર દ્વારા કરી આપવામાં આવી છે.

કલેકટરે સફાઇ કરેલ પાણીની ટાંકીનું કલોરિનેશનવાળું પાણી હાલ રાંધવા અને પીવા માટે નાગરિકો ન વાપરે તેની ખાસ તકેદારી રાખવા પણ સ્થાનિક તંત્રને જણાવ્યું હતું. તેમજ નાગરિકોને આ અંગેની જાણ થાય તે માટે યોગ્ય પ્રચાર-પ્રસારનું આયોજન કરવા માટે પણ ભારપૂર્વક જણાવ્યું હતું. જયાં સુધી કોલેરાનો રોગ નિયંત્રણમાં ન આવે ત્યાં સુધી તમામ નાગરિકોને સફાઇ કરેલ કલોરિનેશનવાળું ટાંકીનું પાણી માત્ર નાહવા-ધોવા અને કપડા ધોવા માટે જ ઉપયોગ કરવા નગરજનોને જણાવ્યું છે. પીવા અને રાંધવા માટે ટેન્કર દ્વારા અપાતા પાણીનો જ ઉપયોગ કરવા જણાવ્યું છે.

મુલાકાત દરમ્યાન કલેકટરે સ્થાનિક પદાધિકારી, અગ્રણીઓ અને નાગરિકોની ફરિયાદને ધ્યાનથી સાંભળી હતી. તેમણે કોલેરાગ્રસ્ત ત્રિકમપુરા વિસ્તારની મુલાકાત લીધી હતી. પાણીની ટાંકીની સફાઇ અંગેનું જાત નિરીક્ષણ કર્યું હતું. આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકી, કલોલ મામલતદાર, તાલુકા અર્બન હેલ્થ અધિકારી, નગરપાલિકા ચીફ ઓફિસર સહિત સ્થાનિક પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




**ડીસામાં કોલ્ડ સ્ટોરેજો સિલ કરવાની બેંક કાર્યવાહીથી ખેડૂતો ખફા**

બેંકના લોન ખાતા એન. પી. થતા બેંક કાર્યવાહી રોકવાની માંગ ખેડૂતો દ્વારા ના.કલેક્ટર અને મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. બનાસકાંઠાના ડીસામાં આજે બટાકાનો સંગ્રહ કરતા કોલ્ડ સ્ટોરેજના લોન ખાતા એન. પી. એ થતા બેંક દ્વારા કબજો લેવામાં ન આવે તેવી માગણી સાથે ખેડૂતોએ નાયબ કલેકટર તેમજ માલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# ડીસામાં એકલવ્ય યુવા સંગઠન દ્વારા નાયબ કલેકટરને આવેદનપત્ર અપાયું

**કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવી હત્યારાઓને ફાંસીની માંગ**

મધ્યપ્રદેશમાં આવેલ નેમાવર ખાતે પાંચ આદિવાસી લોકોની કરપીણ હત્યા કરવામાં આવી હતી.જેને લઈને સમગ્ર ભારતભરમાં આદિવાસી સમાજમાં આક્રોશ જોવા મળી રહ્યો



છે અને હત્યા કરનારને ફાંસીની સજા થાય તેમજ આ કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચાલે તેવી સમગ્ર આદિવાસી સમાજની માંગ છે તેના ભાગરૂપે આજે ડીસાના એકલવ્ય યુવા સંગઠન દ્વારા પણ નાયબ કલેકટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગણી કરાઈ હતી.

મધ્યપ્રદેશના દેવાસ જીલ્લાના નેમાવર ખાતે આદિવાસીઓની કરપીણ હત્યા કરવામાં આવી હતી અને તમામ પાંચ લોકોને મારી આઠ ફૂટ જમીનમાં દાટી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ ત્યાંના સ્થાનિક સંગઠનો દ્વારા આ ઘટનાને ઉજાગર કરવામાં આવી હતી.આ હત્યાકાંડને લઈને સમગ્ર ભારતભરમાં આદિવાસી સમાજમાં રોષ છવાયો છે. તેમજ સ્થાનિક પ્રશાસન દ્વારા આરોપીઓને છાવરતા હોવાનું પણ સામે આવ્યું હતું.જેને લઈને સમગ્ર ભારત ભરમાં આદિવાસી સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે.આદિવાસી સમાજના પાંચ લોકોની કુરતા પૂર્વક હત્યા કરનાર હત્યારાઓને ફાંસીની સજા થાય તેમજ આ કેસ ફાસ્ટેક કોર્ટમાં ચાલે તેને લઈને સમગ્ર જિલ્લામાં આદિવાસીઓ દ્વારા રજુઆત કરવામાં આવી રહી છે.ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે પણ એકલવ્ય યુવા સંગઠન દ્વારા ડીસા નાયબ કલેકટર કચેરીએ આવેદનપત્ર પાઠવી પીડિત પરિવારને ન્યાય મળે તેમજ હત્યારાઓને ફાંસીની સજા થાય તેવી માંગ કરી હતી તેમજ આવી ઘટના અન્ય સમાજમાં ન ઘટે તેવી ઉગ્ર રાજુઆત કરવામાં આવી હતી.